**<u>મે. અંકલેશ્વરનાં ત્રીજા એડી.ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં,મું. અંકલેશ્વર</u>**

ક્રિમી.કેસ.નં. ૩૧૨૦/૨૦૨૬
આંક–

ફરીયાદી :– સરકારશ્રી

વિરૂધ્ધ

આરોપી :– સલીમ S/O મહમદ જહાનખા અંસારી

**ગુનો : બી.એન.એસ. કલમ–૨૮૧ તથા એમ.વી. એકટ કલમ–૧૭૭,૧૮૪ મુજબ.**

**<u>:: ચૂકાદો ::</u>**

**(૧)** આ કામે ફરીયાદ પક્ષની ટુંકમા હકીકત એવી છે કે, તા.૦૨/૦૫/૨૦૨૬ ના રોજ કલાક ૧૯:૩૦ વાગે આ કામના આરોપીએ મોજે સાગબારા ફાટક થી અંકલેશ્વર જી.આઈ.ડી.સી. મીરાનગર તરફ જવાના રોડ ઉપર પોતાના કબજામાની ઓટો રીક્ષા પુરઝડપે અને ગફલત ભરી રીતે ચલાવી આવી પોતાની તથા રાહદારીની જીંદગી જોખમમાં મુકી બેદરકારી પુર્વક પોતાની ઓટો રીક્ષા રજી.નં. જીજે–૧૬–એ.ટી.–૪૨૭૬ ચલાવી લાવી પકડાઈ જઈ, બી.એન.એસ. કલમ–૨૮૧ તથા એમ.વી.એકટ કલમ–૧૭૭,૧૮૪ મુજબ ગુનો કરેલ જે અંગેની અંકલેશ્વર રૂરલ પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૧૯૯૦૦૬૨૬૦૨૩૭/૨૦૨૬ થી ફરીયાદ નોંધાતા ફરીયાદ દાખલ કરી આરોપી સામે ચાર્જશીટ સાથે રજુ કરાતા આરોપીને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૨૩૦ મુજબ પેપર્સ આપવામાં આવેલ ત્યારબાદ આરોપી દવારા ગુન્હો કબુલાત કરવાની ઈચ્છા દર્શાવતી પુરસીસ આપવામાં આવેલ છે.

**(૨)** આરોપી સામે ગુન્હા અંગે ઈન્સાફી કાર્યવાહી અર્થે હાલનુ ચાર્જશીટ રજુ કરવામાં આવેલ છે, જે સંબંધની ઈન્સાફી કાર્યવાહી શરુ થાય તે પહેલા આરોપીએ તેમની સામેનો ગુન્હો કબુલ કરતી પુરસીસ આ અદાલતમાં આપેલ છે. જેથી ત્યારબાદ આરોપીની પ્લી રેકર્ડ કરવામાં આવેલ છે, જેમાં પણ આરોપીએ તેમની સામેના ગુન્હાની કબુલાત કરેલી છે, જેથી આરોપીને સમજાવવામાં આવેલ છે કે, ગુન્હો કબુલ કરતા તેઓ બંધાયેલા નથી, તેમ છતાં તે તેમની કબુલાતને વળગી રહેલ છે, જેથી આરોપી તર્ફે કરવામાં આવેલ કબુલાત ખરી, કાયદેસરની અને સ્વૈચ્છીક હોવાની ખાત્રી થતા તે મંજુર કરવામાં આવે છે.વધુમા, આરોપી તર્ફે સજા અંગે રજુઆત કરી જણાવેલ છે કે, તેમનો આ પ્રથમ ગુન્હો છે અને ગુન્હો કર્યાનો તેઓને અફસોસ છે તેમજ તેની ઉપર કુટુંબની જવાબદારી છે અને તે ગરીબ માણસ છે, જેથી દયા કરવા અરજ કરેલ છે.

નામ.ગુજરાત વડી અદાલતે ૨૦૦૫(૧).જી.એલ.આર.પાના નંબર ૭૦૯,સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ

નટવર હરીશચંદ્ર ઠાકોરના કેસમાં એવો સીધ્ધાંત પ્રસ્થાપિત કરેલો છે કે, જો પુરતા અને વ્યાજબી કારણો હોય તો દરેક કેસની હકીકતને ધ્યાનમાં લઈ નીચેની અદાલતમાં કાયદામાં કરેલ જોગવાઈઓ કરતા પણ ઓછામાં ઓછી સજા અને દંડ કરવાની સત્તા છે. આમ,સદરહું ચુકાદામાં પાના નંબર ૭૨૧ .પર પેરા–૨૧ માં જે કારણો જણાવેલા છે, તે ધ્યાને લેતા ઉપરોકત ચુકાદો આરોપીના કેસને મદદરુપ થતો હોય તેમ જણાય છે, જેથી આરોપીની સ્થિતિ અને દંડ કરવો જોઈએ, તેમ હું નમ્રપણે માનુ છુ, જે તમામ ચર્ચાના અંતે આ કામમાં હુ નીચે મુજબનો આખરી હુકમ કરુ છું.

**–//હુકમ//–**

૧. આ કામના આરોપીને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા કલમ–૨૭૫ અન્વયે બી.એન.એસ. કલમ–૨૮૧ તથા એમ.વી. એકટ કલમ–૧૭૭,૧૮૪ મુજબના ગુનામા આરોપી/આરોપીઓને તકસીરવાન ઠરાવી, બી.એન.એસ કલમ–૨૮૧ મુજબના ગુનામા આરોપીને/ આરોપી દિઠ રૂા.૫૦૦/– (અંકે રૂપિયા પાંચ સો પુરા) તેમજ એમ.વી. એકટ કલમ–૧૭૭,૧૮૪ મુજબના ગુનામાં રૂા.૨૦૦ (અંકે રૂપિયા બસો પુરા) એમ કુલ **રૂા.૭૦૦/– (અંકે સાત સો પુરા)**નો દંડ ફરમાવવામાં આવે છે. જો આરોપી દંડ ન ભરેતો દિન–૨ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ ફરમાવવામાં આવે છે.

ઉપરોકત ચુકાદો આજરોજ સ્પેશીયલ સીટીંગમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

તારીખ : ૧૧/૦૭/૨૦૨૬
સ્થળ : અંકલેશ્વર

**(વી.વી. શુકલા)**
ત્રીજા એડી.ચીફ જ્યુડી.મેજીસ્ટ્રેટ,
અંકલેશ્વર
કોડ નં.જી.જે.૦૧૩૪૩